# પ્રસાર ભારતી

## પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 30-08-2024 સવારે : 7.10 થી 7.20

- ✓ મધ્ય ગુજરાત બાદ કચ્છ જિલ્લામાં અતિભારે વરસાદઃ માંડવીમાં આઠ કલાકમાં 15 ઇંચ, મુન્દ્રામાં આઠ ઇંચઃ
- ✓ રાજ્યમાં મોસમનો સરેરાશ 110 ટકા વરસાદ વરસ્યોઃ કચ્છ ઝોનમાં સૌથી વધુ 154 ટકા
- ✓ છેલ્લાં 24 કલાકમાં રાજ્યનાં 238 તાલુકામાં વરસાદઃ આજે કચ્છ અને સૌરાષ્ટ્રનાં તમામ જિલ્લાઓમાંથી હવામાન વિભાગની ભારેથી અતિભારે વરસાદની આગાહી
- ✓ ભારે વરસાદને કારણે વીજ વપરાશમાં 23 ટકાનો જંગી ઘટાડોઃ શહેરોમાં એક કરોડ યુનિટનો ઓછો વપરાશ
- ✓ મેડીકલ-ડેન્ટલમાં પહેલા રાઉન્ડમાં 6 હજાર 958 બેઠકો પર પ્રવેશ ફાળવવામાં આવ્યો

## Rain report

હવામાન વિભાગે આજે કચ્છ અને સૌરાષ્ટ્રનાં તમામ જિલ્લાઓમાંથી ભારેથી અતિભારે વરસાદની અને આવતી કાલે છુટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી વ્યક્ત કરી છે.

છેલ્લાં 24 કલાકમાં રાજ્યનાં 33 જિલ્લાનાં 238 તાલુકામાં વરસાદ પડ્યો છે. સૌથી વધુ 12 ઇંચ વરસાદ દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકામાં પડ્યો છે.

અબડાસા તાલુકામાં 11 ઇંચ, કલ્યાણપુર તાલુકામાં 10 ઇંચ અને લખપત તથા ખંભાળિયા તાલુકામાં નવ-નવ ઇંચ વરસાદ પડ્યો છે.  ગઈ કાલે સાંજે છ વાગ્યાથી રાત્રિના બે વાગ્યા સુધી કચ્છ જિલ્લાના માંડવીમાં 15 ઇંચ, મુન્દ્રામાં આઠ ઇંચ અને અબડાસા તાલુકામાં છ ઇંચ વરસાદ પડ્યો છે.

સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગરની યાદી પ્રમાણે, રાજ્યમાં મોસમનો સરેરાશ 110 ટકા વરસાદ વરસી ચૂક્યો છે. સૌથી વધુ 154 ટકા કચ્છ ઝોનમાં પડ્યો છે., જ્યારે સૌરાષ્ટ્રમાં 123, દક્ષિણ ગુજરાતમાં 111 ટકા, પૂર્વ મધ્ય ઝોનમાં 104 ટકા અને ઉત્તર ગુજરાત ઝોનમાં 86 ટકા વરસાદ પડ્યો છે.

સરદાર સરોવર ડેમમાં કુલ સંગ્રહ ક્ષમતાનાં 86 ટકા જળસંગ્રહ થયો છે. કુલ 206 ડેમમાંથી 103 ડેમ 100 ટકા, 45 ડેમ 70થી 100 ટકા અને 23 ડેમ 50થી 70 ટકા ભરાયા છે, જ્યારે 125 ડેમ હાઇ એલર્ટ પર અને 18 ડેમ એલર્ટ પર છે.

આ ચોમાસામાં સરકાર દ્વારા અત્યાર સુધી કુલ 50,000થી વધુ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે, જેમાં વડોદરા જિલ્લામાં 13 હજાર 896, નવસારી જિલ્લામાં 9 હજાર 500, ખેડા જિલ્લામાં 3 હજાર 978 લોકોનો સમાવેશ થાય છે. અત્યાર સુધી 4 હજાર 225 લોકોને ઉગારવામાં આવ્યા છે. સૌથી વધુ 1 હજાર 556 લોકોને વડોદરામાં બચાવવામાં આવ્યા છે..

હવામાન વિભાગે તારીખ બે સપ્ટેમ્બર સુધી દરિયો નહીં ખેડવા માછીમારોને સૂચના આપી છે.

કચ્છ જિલ્લામાં ભારે વરસાદ અને સંભવિત વાવાઝોડા ની આગાહીને પગલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ગઈ કાલે વડોદરાથી સીધા ગાંધીનગર સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર પહોંચ્યા હતા. જિલ્લા કલેકટર  સાથે વિડિયો કોન્ફરન્સ બેઠક દ્વારા તેમણે આ કુદરતી આફત સામે તંત્રની સજ્જતાની  સમીક્ષા કરી .

અમારા કચ્છ જિલ્લાના પ્રતિનિધિ જણાવે છે કે, માંડવીમાં ગઈ કાલે સવારે ૬ વાગ્યાથી રાત સુધી ૧૫ ઇંચ, મુન્દ્રામાં 8 ઇંચ અને અબડાસામાં સાત ઇંચ વરસાદ પડ્યો હતો.

કચ્છ કલેક્ટર જિલ્લા કલેક્ટર અજિત અરોરાએ એક સંદેશામાં આ મુજબ જણાવ્યું...

(બાઇટ – અજિત અરોરા, કચ્છ કલેક્ટર)

માંડવી તાલુકામાં  છેલ્લા પાંચ દિવસમાં પડેલા ભારે વધુ વરસાદના પગલે જનજીવન ખોરવાયું છે.પ્રભારી મંત્રી પ્રફૂલ પાનશેરિયા માંડવી શહેરના બાબાવાડી વિસ્તારની  મુલાકાત લઈ સ્થળાંતરિત  કરવામાં આવી રહેલા નાગરિકોના ખબર અંતર પૂછ્યા હતા અને રાહત-બચાવ તથા આશ્રયસ્થાનોમાં વ્યવસ્થાપન કામગીરીની સમીક્ષા કરી હતી.

ગઇ કાલે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જામનગર જિલ્લામાં પડેલા ભારે વરસાદના કારણે ઊભી થયેલ સ્થિતિની સમીક્ષા કરી હતી. તેમણે દેવભૂમિ દ્વારકાના ખંભાળિયાની મુલાકાત લીધી હતી અને પુરગ્રસ્ત વિસ્તારોનું હવાઇ નિરીક્ષણ કર્યું હતું. તેમણે કણઝાર ચેકપોસ્ટ ખાતે રામનગર વિસ્તારના અસરગ્રસ્તો સાથે વાતચીત કરી હતી. શ્રી પટેલે એરપોર્ટ ખાતે યોજેલી બેઠકમાં કેબિનેટ મંત્રીઓ, સાંસદો અને અધિકારીઓને જામનગર શહેરમાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાના પ્રશ્નનો કાયમી ઉકેલ લાવવા નિર્દેશ આપ્યો હતો.

આ બેઠકમાં જણાવવામાં આવ્યું હતું કે, જામનગર જિલ્લામાં બચાવ કામગીરી માટે એનડીઆરએફ અને એસડીઆરએફની 1-1 ટીમ તેમજ મરીન ટાસ્ક ફોર્સ દ્વારા 1 ટીમ ફાળવવામાં આવી છે. તેમજ આર્મીની 3 ટુકડીઓ, ફાયર વિભાગ, એરફોર્સ દ્વારા પણ લોકોના રેસ્કયૂની કામગીરી કરવામાં આવી છે. જિલ્લામાં પાણીના પ્રવાહમાં ફસાયેલા 12 જેટલા લોકોને એરલિફ્ટ કરવામાં આવ્યા છે.

દરમિયાન, વડોદરા શહેરમાં વિશ્વામિત્રીના પૂરના કારણે સર્જાયેલી પરિસ્થિતિની સમીક્ષા કરવા ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ ગઈ કાલે વડોદરાની મુલાકાત લીધી હતી.

.................

## MAHISAGAR KAUSHIK JOSHI

મહિસાગરમાં સતત વરસી રહેલા વરસાદને પગલે વીરપુર તાલુકાના આસપુર ગામમાં કાચા મકાનની દીવાલ ધરાશાયી થઈ હતી. આ ઘટનામાં એક મહિલાનું મોત નીપજ્યું હતું. મહિસાગરમાં અત્યાર સુધીમાં 125 મકાન ધરાશાયી થયા અને 3

લોકોના મોત થયા છે. જે અંગે પ્રભારી મંત્રી બચુભાઇ ખાબડે અધિકારો સાથે સમીક્ષા બેઠક યોજી હતી. જે અંગે વધુ માહિતી આપે છે મહિસાગર જિલ્લાના પ્રતિનિધિ કૌશિક જોષી,

.................

## Vadodara train cancelled

પશ્ચિમ રેલવેના વડોદરા ડિવિઝન પર ભારે વરસાદને પગલે પાણી ભરાવાથી આજે વડોદરા-અમદાવાદ સંકલ્પ ફાસ્ટ પેસેન્જર, પ્રતાપનગર-અલીરાજપુર પેસેન્જર, છોટા ઉદેપુર પેસેન્જર, પ્રતાપનગર પેસેન્જર, પ્રતાપનગર - છોટા ઉદેપુર પેસેન્જર ટ્રેનને રદ કરવામાં આવી છે, જ્યારે આવતી કાલે પ્રતાપનગર પેસેન્જર, પ્રતાપનગર-અલીરાજપુર પેસેન્જર ટ્રેનને રદ કરવામાં આવી છે.

.................

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. જે આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર abad ને ફોલો કરી શકશો..

.................

## power consumption

રાજ્યમાં ભારે વરસાદને પગલે વીજ વપરાશમાં 23 ટકાનો જંગી ઘટાડો નોંધાયો છે. છેલ્લા પાંચ દિવસથી દૈનિક સરેરાશ છ કરોડ વીજ એકમનો વપરાશ ઘટ્યો છે, જે આ ચોમાસાની સીઝનમાં પ્રથમ વાર છે.

સરકારી વીજ ઉત્પાદન અને વિતરણ કંપનીઓનાં સંકલિત અહેવાલ પ્રમાણે ગૂરૂવારે સવારની સ્થિતિએ વીતેલા પાંચ દિવસમાં ઔદ્યોગિક હેતુસર વીજ વપરાશમાં બે કરોડ યુનિટની માંગ ઘટી છે. ભારે વરસાદ પહેલાં ઔદ્યોગિક હેતુ માટે દૈનિક 16થી 17 કરોડ વીજ યુનિટનો વપરાશ હતો, જે ઘટીને 13થી 14 કરોડ થયો છે. શહેરોમાં

દૈનિક સરેરાશ વપરાશ પાંચથી છ કરોડ હતો જેમાં એક કરોડ યુનિટનો ઘટાડો થયો છે. હાલમાં શહેરોમાં ચારથી પાંચ કરોડ યુનિટનો વપરાશ છે.

.................

## RAIN ROAD TRANSPORT REOPEN

રાજ્યમાં ભારે વરસાદના કારણે અનેક જગ્યાએ વૃક્ષ ધરાશાયી થતાં બંધ થયેલા રસ્તાઓ પર અવરજવર પૂર્વવત કરાઈ છે. અમરેલી જિલ્લાના રાજુલા-વીજપડી રોડ, કચ્છના અંજાર-સતાપર-લાખાપર રોડ તથા ભુજ-માંડવી રાજમાર્ગ, જામનગરના જામજોધપુરથી તરસાઈ ગામને જોડતા હનુમાનગઢ ગામના રસ્તા પર ધરાશાયી થયેલા વૃક્ષને તંત્રએ હટાવી રસ્તા ખૂલ્લા કરાવ્યા છે.

કચ્છની અંજાર નગરપાલિકાએ ભારે પવનના કારણે ધરાશાયી થયેલા જોખમી હોર્ડિંગ્સને તાત્કાલિક અસરથી દૂર કરાવ્યા છે. ઉપરાંત માર્ગમકાન વિભાગે રાપર ડાભુંડા રસ્તા પર ભારે વરસાદના પગલે ધરાશાયી વૃક્ષને તાત્કાલિક દૂર કરાવી રસ્તાને પૂર્વવત કરાવ્યો હતો.

.................

## veraval-bad smell solutions

વેરાવળ શહેરના નાગરિકો અને હોટેલ એસોસિએશન દ્વારા જિલ્લા કલેકટરને કરવામાં આવેલી રજૂઆતોને પગલે  સોમનાથ મંદિર અને પ્રભાસ પાટણના આસપાસના વિસ્તારમાં દુર્ગંધ ફેલાવતા એકમોની તપાસ કરવા આવી હતી . અમારા ગીર સોમનાથના પ્રતિનિધિ જણાવે છે કે વેરાવળમાં માછલી સુકવીને  તેનો પાઉડર બનાવતી ફેકટરીઓ દ્વારા અતિ તીવ્ર દુર્ગંધ આખા શહેરમાં ફેલાતી હોવાનું તપાસ દરમ્યાન સામે આવ્યું છે .આ સમસ્યાના નિરાકરણ માટે કલેકટર  દ્વારા  જીઆઇડીસી વેરાવળના ડ્રાય ફિશ એસોસિએશનના પ્રતિનિધિઓ સાથે બેઠક કરી દુર્ગંધ ફેલાય કે કોહવાય એવા પદાર્થોને ખુલ્લામાં ન રાખવા જેવી સૂચનાઓ આપવામાં આવી હતી.

.................

## patan -space science day

પાટણના પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્ર ખાતે રાષ્ટ્રીય અવકાશ દિવસની ઉજવણી કરાઈ હતી . દસ દિવસિય આ ઉજવણી કાર્યક્રમમાં રાજ્યના પાટણ, મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, ગાંધીનગર, મહિસાગર અને પંચમહાલ જિલ્લાના 18 તાલુકાની 52 શાળાઓના 2 હજાર 500 થી વધુ સહભાગીઓએ ભાગ લીધો હતો. અમારા પાટણના પ્રતિનિધિ જણાવે છે આ કાર્યક્રમ હેઠળ 93 વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં અવકાશ વિજ્ઞાન આધારિત પ્રદર્શન , અવકાશ વિજ્ઞાનમાં કાર્યશાળા , ડોક્યુમેન્ટરી-શો, અવકાશ વિજ્ઞાનના રહસ્યો પર વૈજ્ઞાનિક ચર્ચા, ભારતની અવકાશ સિદ્ધિઓ અને તેનું ભવિષ્ય ની થીમ પર સ્પર્ધાઓનો સમાવેશ થાય છે.

ગુજકોસ્ટ ગાંધીનગર અને ભારતીય માનક બ્યુરો-અમદાવાદના સહયોગથી પ્રથમ રાષ્ટ્રીય અવકાશ દિવસની આ ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી .

.................

## rajkot- karuna animal helpline

પશુઓની નિ:શુલ્ક સારવાર માટે કરુણા એનિમલ -૧૯૬૨ હેલ્પલાઇનની મદદથી રાજકોટમાં થયેલા ભારે વરસાદના કારણે છેલ્લા ચાર દિવસમાં ૪૦૦થી વધુ પશુ-પક્ષીઓને બચાવીને સારવાર આપવામા છે. આ કાર્યમાં એનિમલ હેલ્પલાઇનના તબીબો, પેરા મેડીકલ સ્ટાફ, ડ્રાઈવર્સ સહિતના કર્મચારિઓ છેલ્લા ચાર દિવસથી રાત-દિવસ ખડેપગે રહ્યા હતા.આ કામગીરી અંતર્ગત પશુ-પક્ષીઓને સારવાર માટે હોસ્પિટલમાં પણ ખસેડવામાં આવ્યા હતા.

.................

## Medical Dental Admission

ધોરણ 12 પછી મેડિકલ ડેન્ટલ અભ્યાસક્રમો પહેલા રાઉન્ડમાં 6958 બેઠકો પર વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓ 5મી સપ્ટેમ્બર સુધી ફી ભરીને પ્રવેશ મેળવી લેવાનો રહેશે.

આયુર્વેદ અને હોમિયોપેથી કોલેજોમાં પ્રવેશ ઇચ્છતા વિદ્યાર્થીઓ માટે આગામી 6 થી 18 સપ્ટેમ્બર સુધી ચોઈસ ફિલીંગની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, પહેલી વખત આયુર્વેદ અને હોમિયોપેથી માટે અલગ પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

.................

## CM PATEL BANKERS COMMITTEE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સરકાર બાંહેધરી લેતી હોય તેવી ધિરાણ યોજનાઓના ધિરાણ, લાભાર્થીઓને આપવામાં બેન્કોના સક્રિય સહયોગ માટે અનુરોધ કર્યો છે. શ્રી પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગરમાં યોજાયેલી રાજ્યકક્ષાની બેન્કર્સ સમિતીની 182મી બેઠકમાં તેમણે આ મુજબ જણાવ્યું હતું.

શ્રી પટેલે કહ્યું કે, વિકસિત ગુજરાતથી વિકસિત ભારતને પાર પાડવા બેન્કો વધુને વધુ લોકોને નાણાકીય સમાવેશનો લાભ આપે. પ્રધાનમંત્રી સ્વનિધિ અને ખેડૂતોની કિસાન ક્રેડિટ જેવી યોજનાઓમાં પણ બેન્કોને ધિરાણ સામે સલામતીની કોઈ સમસ્યા હોવી ન જોઈએ. દરમિયાન મુખ્યમંત્રીએ પશુધન માટેના તેમ જ માછીમારોના ક્રેડિટ કાર્ડની યોજનામાં પણ ગતિ લાવવા બેન્કર્સને સૂચન કર્યું હતું.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, વિકસિત ભારતના હેતુસર રાજ્ય સરકારે વર્ષ 2047 સુધીનાં વિકાસનાં આયોજનની રૂપરેખા તૈયાર કરી છે.

.................